


ગાંધીનગર શહેરના સ્વર્ણિમ પાર્કમાં દર શનિવારે નગરજનોને વિનામૂલ્યે મનોરંજન પીરસતા નગરના કલાકાર યુવાનોએ 'સૅટરડે નાઈટ્સ વિથ પી'ની બીજી સીઝનનો પ્રારંભ કર્યો છે. પ્લગ ઈન્સ ઍન્ટરટેઈનમૅન્ટ્સ (પીઆઈઈ-પી)ના બૅનર તળે સ્વર્ણિમ પાર્ક ખાતે ચ-૪ પાસેના ફુઆરા પાસે આ યુવાનો દર શનિવારે રાત્રે એકત્ર થાય છે અને ગીત, સંગીત, નાટ્ય, મીમીક્રિ જેવી વિવિધ મનોરંજક કૃતિઓ પીરસીને પ્રેક્ષકોને નિઃશુલ્ક મનોરંજન પૂરું પાડે છે. ત્રીસેક અઠવાડિયા સુધી સળંગ આ પ્રવૃત્તિ કર્યા બાદ શિયાળાના સમયમાં સૅટરડે નાઈટ્સનું આયોજન થંભાવી દેવામાં આવ્યું હતું. એ પછી હવે ગત શનિવારથી સૅટરડે નાઈટ્સનો પુનઃ પ્રારંભ કરવામાં આવ્યો છે. આ વખતે ગાંધીનગરના સઘળા કલાકારોને એકત્ર થવા માટે આયોજક સંસ્થા પ્લગ-ઈન્સ તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું અને ઉપસ્થિત કલાકારોને આ કાર્યક્રમ વધુ દીપાવવા માટે પોતાનાં સૂચનો આપવા પણ વિનંતી કરવામાં આવી હતી. એ પછી મનોરંજનનો લાંબો દોર ચાલ્યો હતો, જેને ઉપસ્થિત પ્રેક્ષકોએ ખૂબ વખાણ્યો હતો. આગામી દરેક શનિવારે નગરના કલારસિક પ્રેક્ષકો અને કલાકારોને પણ સૅટરડે નાઈટ્સના આ કાર્યક્રમમાં પધારી કાર્યક્રમને વધુ ઉજાળવા આયોજકો તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# અમદાવાદ જિલ્લાના લપકામણ ગામમાં આંગણવાડીની ૧૫૧ દિકરીઓનું પૂજન



ગાંધીનગર, તા. ૧૨

મહિલા સશક્તિકરણના પ્રણેતા ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા મુખ્ય પ્રધાન આનંદીબેન પટેલની પ્રેરણાથી અમદાવાદ જિલ્લાના લપકામણ ગામની આંગણવાડી ક્રમાંક ૧ ડૉ.શ્રધ્ધા રાજપુત અને આંગણવાડી ક્રમાંક ૨ વૃશાલી દાતાર દ્વારા દત્તક લેવામાં આવેલ છે. ડો.શ્રધ્ધા રાજપુત દ્વારા ચૈત્રી નવરાત્રીમાં દિકરીઓના પુજન કાર્યક્રમનો કોન્સેપ્ટ રજુ કરવામાં આવ્યો હતો, જે અંતર્ગત લપકામણ ખાતે આયોજીત કાર્યક્રમમાં આંગણવાડીની ૧૫૧ દિકરીઓનું પુજન કરવામાં આવ્યુ હતુ અને તેઓને ખાદ્ય કીટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નવનિયુક્તિ અમદાવાદ જિલ્લા ભાજપ પ્રમુખ આર.સી.પટેલ, ડેલીગેટ રાજુભાઈ ઠાકોર, આંગણવાડી ઈન્ચાર્જ ભાઈલાલભાઈ, ડો.શ્રધ્ધા રાજપુત, કાઉન્સીલર વૃશાલી દાતાર, સરપંચ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થીત રહ્યા હતા.

આંગણવાડી દત્તક લેનારા ડો.શ્રધ્ધા રાજપુતે જણાવ્યુ હતું કે, ચૈત્રી નવરાત્રીમાં લાખો ભક્તો દ્વારા આધ્યશક્તિની આરાધના કરવામાં આવી રહી છે ત્યારે અમદાવાદ જિલ્લાના લપકામણ ગામ ખાતે શક્તિ સ્વરૂપ આંગણવાડીની ૧૫૧ દિકરીઓનું પુજન કરવામાં આવ્યુ હતુ. આંગણવાડીની દિકરીઓને ફ્રુટ તથા નાસ્તાની કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. દિકરી અને દિકરા વચ્ચે ભેદભાવ ન રાખવો જોઈએ અને દિકરીઓને પણ ભણાવવી જોઈએ. દિકરીના જન્મને વધાવવો જોઈએ. દિકરી તો મા શક્તિનો અવતાર છે અને દિકરીઓનું પુજન કરવું જોઈએ, એવો સંદેશો તેમણે આ પ્રસંગે આપ્યો હતો.

# ગુજરાત હાયર એજ્યુકેશન કાઉન્સિલ દ્વારા રાજ્યમાં શિક્ષણનો વ્યાપ વધશે : શિક્ષણમંત્રી

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત હાયર એજ્યુકેશન કાઉન્સિલ એકટના અમલથી રાજ્યમાં શિક્ષણનો વ્યાપ વધશે, કૌશલ્યલક્ષી અભ્યાસક્રમો અને ગુણવત્તાલક્ષી સંશોધનોને વધુ વેગ મળશે. રાજ્ય સરકારે હંમેશા શિક્ષણનું હિત જોયું છે તેમ આજે ગાંધીનગર ખાતે શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યું હતું. મંત્રીશ્રીએ કહ્યું હતું કે આ કાઉન્સિલનો અમલએ નવી વાત નથી. દેશમાં પ્રત્યેક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સહિત ૩૩ કાઉન્સિલ હાલમાં સફળ રીતે કાર્યરત છે. કેન્દ્ર અને રાજ્યોની સંસ્થાઓ સાથે સંકલન થશે જેના પરિણામ સ્વરૂપે શિક્ષણને લગતા નાના મોટા પ્રશ્નોનું ઝડપી નિરાકરણ આવશે. ફેબ્રુઆરી ૨૦૦૮માં કેન્દ્ર સરકારે નોટીફિકેશન દ્વારા સમિતિની રચના કરાઈ હતી. આ સમિતિએ કાઉન્સિલની ભલામણ કરી હતી.

મંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે આ કાઉન્સિલની રચનાથી રાજ્યમાં ચાલતા અનધિકૃત ગેર કાયદેસર પદવીઓ આપતા સ્ટડી સેન્ટર્સ, કોચીંગ સેન્ટર્સ વગેરેની વિગતો રાજ્ય સરકારને મળશે.

ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ રાજ્ય મંત્રી વસુબહેન ત્રિવેદીએ વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી સહિત રાજ્ય સરકારની સમગ્ર ટીમે આ કાઉન્સિલના અમલ માટે પુરતો અભ્યાસ કર્યો છે. દેશના મોટા ભાગના રાજ્યોમાં આ કાઉન્સિલ અમલમાં છે. આ કાઉન્સિલના સભ્યોમાં મુખ્યમંત્રીશ્રી શિક્ષણમંત્રીશ્રી અને રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી આ ત્રણ હોદ્દાની રૂએ તેની સાથે ૧૦ વિવિધ સરકારી વિભાગોના સચિવશ્રીઓ, યુજીસીના ચેરમેન અથવા તેમના દ્વારા નોમિનેટ કરાયેલા પ્રતિનિધિ, પાંચ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર, પાંચ ખાનગી યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર, બે અતિ વિશિષ્ટ વ્યક્તિ કે જેમણે શિક્ષણમાં ખાસ પ્રદાન કર્યું હોય, પાંચ એવા વ્યક્તિ જે કલા, વિજ્ઞાન, વાણિજ્ય, કાયદો ક્ષેત્રના નિષ્ણાત હોય, આ ઉપરાંત ૩ શિક્ષણ વિદો જેમને યુનિવર્સિટી અથવા કોલેજમાં આચાર્ય કે અધ્યાપક તરીકે કાર્ય કર્યુ હોય તેવા વ્યક્તિઓની વર્તમાન તેમજ આવનાર શિક્ષણની સ્થિતિને ધ્યાનમાં રાખીને આ નિમણૂક કરવામાં આવી છે. સમાજ, શિક્ષણ તેમજ સરકારી શિક્ષણના હિતમાં આ વિધેયક લાવવામાં આવ્યું છે. યુજીસીના માધ્યમથી ખાનગી કે ગ્રાન્ટ ઈન એડ કોલેજો હોય, આ કોલેજોને જ્યારે યુજીસીની ગ્રાન્ટ લેવી હોય ત્યારે એ સીધા જ પોતાની સંસ્થા, ટ્રસ્ટ મારફતે યુજીસીમાંથી ગ્રાન્ટ લઈ આવતા હતા. આ ગ્રાન્ટમાંથી આ કોલેજોએ કેટલું ડેવલપમેન્ટ કર્યું તેની રાજ્ય સરકારને કોઈ જાણ હોતી નથી. કેટલીક વખત ડિમ્ડ યુનિવર્સિટીઓ ગેરકાયદેસરના અભ્યાસક્રમો આવી ગ્રાન્ટમાંથી ચલાવતા હોય છે. આના ઉપર આ કાઉન્સિલની રચનાથી મહત્વની રોક આવશે. ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે આપણે શુ કરવા માંગીએ છીએ અને તેનો આ ગ્રાન્ટમાંથી કેવો ઉપયોગ થાય છે તેની માહિતી રાજ્ય સરકારને મળશે. રાજ્ય સરકાર મારફતે આ ગ્રાન્ટ મેળવવાનો મહત્વનો નિર્ણય થયો છે જે નિર્ણય શિક્ષણ સાથે જોડાયેલા તમામના હિત માટેનો છે. આ એક્ટને સમાજના શિક્ષણવિદો-શિક્ષિત લોકો સમજે તેવો અનુરોધ પણ મંત્રીએ કર્યો હતો.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કિ ઍન્ડ કા
૩.૩૦, ૧૦.૦૦
લવ ગેમ્સ
૧૨.૩૦, ૭.૦૦

**સ્ક્રીન-૩**
જંગલ બૂક (૩ડી, હિન્દી)
૧.૧૫, ૩.૩૦, ૮.૦૦
જંગલ બૂક (૩ડી, અંગ્રેજી)
૧૧.૦૦, ૫.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૪**
ક્લબ ડાન્સર
૧.૦૦
સરદાર ગબ્બરસિંહ
૪.૦૦
કપૂર ઍન્ડ સન્સ
૭.૦૦
રૉકી હૅન્ડસમ
૧૦.૦૦

**સ્ક્રીન-૫**
કિ ઍન્ડ કા
૧૨.૪૫, ૬.૪૫
લવ ગેમ્સ
૧૦.૦૦, ૩.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૬**
લવ ગેમ્સ
૧૨.૩૦
કપૂર ઍન્ડ સન્સ
૧૦.૦૦
કિ ઍન્ડ કા
૬.૪૫

# આર જી પટેલ - ઍસ જી પટેલ શાળા ખાતે વિશિષ્ટ જ્ઞાન પરીક્ષા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ માધ્યમિક તથા ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩ ખાતે વિદ્યાર્થીઓના જ્ઞાનની વિશેષ ચકાસણી હેતુ વિશિષ્ટ જ્ઞાન પરીક્ષાનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. માધ્યમિક વિભાગના રોહિતભાઈ બી વ્યાસ તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના કમલેશભાઈ શર્મા દ્વારા આ પરીક્ષાનું વ્યવસ્થાપન કરવામાં આવ્યું હતું.

શિવાજી ફાઉન્ડેશન સોસાયટી, જયપુર, રાજસ્થાન દ્વારા દર વર્ષે આ પરીક્ષા યોજવામાં આવે છે, જેમાં ભારતીય હિન્દુ સંસ્કૃતિ જ્ઞાન, ડૉ. રાધાકૃષ્ણન સામાન્ય જ્ઞાન પ્રતિયોગિતા અને પર્યાવરણ રત્નપાદક પરીક્ષા યોજાય છે. ૧૦૦ માર્કની આ પરીક્ષા ધોરણ-૯ની ૩૩ અને ધોરણ-૧૧,૧૨ની ૪૫ વિદ્યાર્થીનીઓએ આપી હતી અને આ પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત થયું હતું.

શાળાનાં આચાર્ય સુધાબેન પી પટેલ, સુપરવાઈઝર ગીતેષભાઈ એ પટેલ, દિલહરબા ચુડાસમા, ગીતાબેન પટેલ તથા રોહિતભાઈ અને કમલેશભાઈએ તમામ વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા. ધોરણ-૧૧ એની વિદ્યાર્થીની ક્રિષ્ના એ પ્રજાપતિએ કાંસ્ય ચંદ્રક તથા ધોરણ-૧૧ બીની વિદ્યાર્થીની હિરલ વી રાઠોડને સિલ્વર ચંદ્રક આ પરીક્ષામાં પ્રાપ્ત થયો હતો.

# શહેરમાં ૧૪મીથી શ્રી મહાચંડી કોટિયાગ

ગાંધીનગર, તા. ૧૨

શ્રી મહાચંડી કોટિયાગ સમિતિ, ગાંધીનગર દ્વારા 'શ્રી મહાચંડી કોટિયાગ હોમાત્મક કોટિ નવાર્ણમંત્ર મહાયાગ'નું આયોજન દેશના શ્રેષ્ઠ ચાર વેદોના વિદ્વાન વેદપાઠી વિદ્વાનો તથા સોલા ભાગવત વિદ્યાપીઠના ઋષિકુમારો દ્વારા તા. ૧૪થી ૨૨ ઍપ્રિલ દરમ્યાન શ્રી ચેહરધામ, સૅક્ટર-૩ ખાતે આ મહાયાગનું આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વકલ્યાણ અર્થે આયોજિત આ ઉપક્રમનો લાભ લેવા સૌ નાગરિકો, ભાવિકોને સમિતિ તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.


# અનુપ જલોટા ભજન સંધ્યાના પાસ મેળવવા જિમખાનાના સભ્યોને વિનંતી

ગાંધીનગર, તા. ૧૨

ભારતના જાણીતા ગાયક કલાકાર અનુપ જલોટાની ભજન સંધ્યાનો કાર્યક્રમ ગાંધીનગરની સંસ્થા થનગનાટ દ્વારા આગામી તા. ૧૪ એપ્રિલના રોજ આયોજિત કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં સહયોગી સંસ્થા તરીકે સચિવાલય જિમખાનાએ ભાગ લીધો છે અને જિમખાનાના સભ્યોને તેમના પાસ ઘરે પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે, મોટાભાગના સભ્યોને આ પાસ તેમના ઘરે મળી ગયા છે અથવા તા. ૧૩ સુધીમાં મળી જશે એ બાબતની તકેદારી લેવામાં આવી છે. તેમ છતાં કોઈપણ કારણસર જે સભ્યોને આ પાસ ન મળ્યા હોય તેમણે તા. ૧૩ એપ્રિલે કાર્યાલય સમયમાં સચિવાલય જિમખાના, સૅક્ટર-૨૧ ખાતે રિસેપ્શન કાઉન્ટર પરથી પોતાના પાસ મેળવી લેવાના રહેશે એમ જિમખાનાના માનદ મંત્રી ઍચ ડી સેઈલર દ્વારા સભ્યોને વિનંતી કરતાં જણાવવામાં આવ્યું છે.

# જીવનની દરેક ભૂમિકા મહત્ત્વની હોય છે






ભારતીય ફિલ્મ જગતનાં મહાન અને વિખ્યાત અભિનેતા દિલીપકુમાર વિષે અને તેમના જીવનમાં બનેલી એક ઘટના વિષે જાણકારી મળી. વાત કંઈક આમ છે. દિલીપકુમારે ઘણીબધી ફિલ્મોમાં કરુણ ભૂમિકાઓ ભજવી. મોટાભાગની ફિલ્મો સફળ રહી. પોતાની અદભૂત સફળતાને કારણે દિલીપકુમારને નામ અને દામ બંને મળ્યા. દિલીપકુમારની મોટાભાગની સફળ ફિલ્મો દુઃખાંત વાળી હતી અને દિલીપકુમાર પોતાની કરુણ ભૂમિકાઓમાં ઓતપ્રોત થઈ ગયા હતા એટલે તેમનાં ચાહકોએ અને ફિલ્મી જગતે તેમને "ટ્રેજેડી કીંગ" નું બિરુદ આપ્યું.

ફિલ્મોમાં સતત કરુણ ભૂમિકાઓ ભજવવાને કારણે દિલીપકુમારના જીવનમાં પણ એક કરુણતા ઉભી થઈ. કરુણ ભૂમિકાઓનો દિલીપકુમાર ઉપર એટલી હદે પ્રભાવ પડ્યો કે તે શૂટિંગ પછીનાં સમયમાં પણ ગૂમસૂમ અને સૂનમૂન રહેવા લાગ્યા. માનસિક રીતે તેઓ બીમાર થઈ ગયા. તેઓ માનસિક તાણ અને ડિપ્રેશનના શિકાર બની ગયા. દિલીપકુમાર પોતાની બીમારીનો ઈલાજ શોધતા હતા તે દરમ્યાન કોઈએ તેઓને લંડનના માનસિક રોગોનાં વિખ્યાત ડો. નિકોલ પાસે સારવાર લેવાની સલાહ આપી. દિલીપકુમારે સારવાર લેવાનું શરુ કર્યું. પોતાની સારવારનાં ભાગરૂપે ડો. નિકોલે દિલીપકુમારને એક સુંદર સલાહ આપીઃ "તમારા રોગનું જે મૂળ છે તે મૂળ જ રોગની સારવાર છે" ડો. નિકોલે વાતનો ફોડ પાડતાં કહ્યું કે સતત કરુણ ભૂમિકાઓ ભજવવા ને કારણે આ પ્રકારની માનસિક પરિસ્થિતિ સર્જાઈ છે. હવે પરિસ્થિતીમાં બદલાવ લાવવા માટે તમારી ફિલ્મી ભૂમિકાઓમાં બદલાવ લાવો. કરુણ ભૂમિકાઓને બદલે કોમેડી ભૂમિકાઓ કરો. દિલીપકુમારે ડો. નિકોલની સલાહ માની અને હાસ્ય ભૂમિકાઓવાળી કેટલીક ફિલ્મો કરી. આ ફિલ્મોમાં પણ દિલીપકુમાર હાસ્ય અભિનેતા તરીકે એટલા લાજવાબ રહ્યા કે તે જમાનામાં હાસ્ય ભૂમિકાઓ ભજવનારા કલાકારોને દિલીપકુમારે તેમનું સ્થાન દેખાડી દીધું. ફિલ્મો તો સફળ રહી પણ સાથે સાથે દિલીપકુમાર પણ માનસિક હતાશા અને તાણમાંથી બહાર આવી ગયા.

દરેક વ્યક્તિ જીવનમાં અનેક ભૂમિકાઓ ભજવે છે. દરેક વ્યક્તિએ જીવનનાં અલગ-અલગ ક્ષેત્રોમાં અલગ-અલગ ભૂમિકાઓ ભજવવી પડે છે. એક જ ક્ષેત્રમાં પણ પોતાની ભૂમિકાઓ બદલતી રહેવી પડે છે. ભૂમિકા બદલાય તેની સાથે વ્યક્તિએ પોતાની માનસિક ભૂમિકા પણ બદલવી પડે છે. પોતાની ભૂમિકાના બદલાવ સાથે વ્યક્તિ જો પોતાની માનસિક ભૂમિકા ના બદલે તો તેની વિપરીત અસરો પેદા થાય છે. દિલીપકુમારનું કદાચ એવું જ થયું હતું. તેઓ ફિલ્મોમાં કરુણ ભૂમિકાઓ ખુબ જ અસરકારક રીતે ભજવતા હતા પણ વાસ્તવિક જીવનમાં તેઓ એ કરુણ ભૂમિકાઓમાંથી બહાર ના નિકળી શક્યા જેને કારણે ફિલ્મોની કરુણ ભૂમિકાઓની વાસ્તવિક જીવનમાં પણ અસર રહી ગઈ. ફિલ્મી ભૂમિકા અને વાસ્તવિક જીવનની ભૂમિકાઓને તેઓ અલગ ના કરી શક્યા જેને કારણે તેઓ વાસ્તવિક જીવનમાં હતાશા અનુભવતા અને માનસિક તાણ અને ડિપ્રેશનના શિકાર બની ગયા હતાં.

એક યુવતિ નાટકોમાં સુંદર અભિનય કરે છે. બિન-વ્યવસાયીક રંગભૂમિની સુંદર અને સશક્ત અભિનેત્રી છે. તે પણ કરુણ ભૂમિકાઓ લા-જવાબ રીતે ભજવે છે. કેટલાક નાટકોનો અંત કરુણ હોય છે અને એ નાટકોમાં તે યુવતિએ અંતમાં ધ્રુસકે-ધ્રુસકે રડવાનું હોય છે. નાટક પૂરું થયા પછી પણ એ યુવતિને સ્વસ્થ થતાં કલાકો નિકળી જાય છે. ક્યારેક તો એવું બને છે કે નાટકનાં અંતનું તેનું રુદન નાટક પૂરું થયા પછી પણ ઘણો સમય ચાલુ રહે છે.

કેટલાક લોકો આ પ્રકારની માનસિકતા ને "ઈન્વૉલ્વમેંટ" જેવું રુપકડું નામ આપે છે. અલબત, કોઈપણ ભૂમિકા હોય, નાટક, ફિલ્મ હોય કે, વાસ્તવિક જીવનની કોઈપણ ભૂમિકા હોય, એ ભૂમિકામાં વ્યક્તિ ઓતપ્રોત થઈ જાય એ જરૂરી છે. સાથે સાથે જ્યારે ભૂમિકા બદલાય ત્યારે એ ભૂમિકામાંથી ઝડપથી બહાર નિકળી અને બીજી ભૂમિકામાં પણ એટલું જ ઓતપ્રોત થઈ જવું એટલું જ જરૂરી છે. એવું ના થઈ શકે તો વ્યકિતના જીવનમાં ઘણીબધી ઉથલ-પથલો થઈ શકે છે અને એવા આ સમાજમાં, આપણી આસપાસ અનેક ઉદાહરણો જોવા મળે છે. વ્યક્તિ કોઈપણ પ્રકારની ભૂમિકામાં હોય, એ ભૂમિકા અસરકારક હોવી જરૂરી છે. એક પ્રકારની ભૂમિકામાંથી બીજા પ્રકારની ભૂમિકામાં વ્યકિત જાય ત્યારે માનસિક બદલાવ જરૂરી બની જાય છે. વ્યક્તિ આ માનસિક બદલાવ ના લાવી શકે તો એકથી વધારે ભૂમિકાઓનો પ્રભાવ અન્ય ભૂમિકાઓ ઉપર પડે છે અને તે મોટાભાગે વિપરીત પ્રભાવ હોય છે. જેની અસર ભૂમિકાની અસરકારક્તા ઉપર થાય છે. પરિણામ એ આવે છે કે વ્યક્તિ પોતાની ભૂમિકાઓની અસરકારક્તા ગુમાવી બેસે છે. વ્યક્તિની દરેક ભૂમિકાનું મહત્વ છે. એ મહત્વને સમજીએ અને યોગ્ય ન્યાય આપીએ તો ભૂમિકા પણ સાર્થક બને અને જીવન પણ.

- vamlani@yahoo.co.uk

## જન્મદિને વધામણી



પંકજભાઈ દેસાઈ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
અને શિવરંજની
મો. ૯૯૨૫૪ ૬૦૪૬૦



સુજાનસિંહ બી ગોહિલ
ઉપપ્રમુખ, શ્રી કચ્છ
કાઠિયાવાડ રાજપૂત સેવા
સમાજ, ગાંધીનગર



જિજ્ઞાસા સુકેતુ મહેતા
મો. ૭૬૦૦૦ ૩૨૪૯૦



હેમાલી સાળુંકે
મો. ૯૮૨૪૪ ૬૯૪૩૬



નવનીતભાઈ અજીતભાઈ
મકવાણા
મો. ૯૩૨૮૧ ૯૩૨૦૨



ગાથા જયેન્દ્રસિંહ વાઘેલા
મો. ૯૪૨૮૪ ૧૫૧૪૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક